RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 276, Dt.10-01-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મૂડી રોકાણના મહાકુંભ વાયબ્રન્ટ સમિટનો પ્રારંભ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્‌ઘાટનઃ ત્રણ દિવસની વાયબ્રન્ટ સમિટમાં અબજો રૂપિયાના કરાર થશેઃ ચાર દેશોના વડા, ૩૩ ભાગીદાર રાષ્ટ્ર સહિત ૧૦૦થી વધુ દેશોના મહાનુભાવો, ઉદ્યોગકારોની ઉપસ્થિતિઃ મુકેશ અંબાણી, ગૌતમ અદાણીથી માંડીને ટોચના બિઝનેસ ટાયકુનની હાજરી

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતના પાટનગર ગાંધીનગરનાં મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં હસ્તે વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સંયુકત આરબ અમીરાત મોઝામ્બીક સહીત ચાર દેશોનાં વડા ૩૩ ભાગીદાર દેશો તથા ૧૦૦ થી વીઝીટર્સ દેશોનાં રાજદ્વારીઓ-ઉદ્યોગકારો, કેન્દ્રીય પ્રધાનો સહિતની હાજરીમાં ખુલ્લી મુકાયેલી આ વૈશ્વિકસમીટ મુડી રોકાણની દ્રષ્ટિએ રોકાણ કરાર સાથે અત્યાર સુધીનાં તમામ રેકોર્ડ તૂટવાના સંકેત છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત કેન્દ્રીય પ્રધાન નિર્મલા સીતારામન, પિયુષ ગોયલ, તેમજ મુકેશ અંબાણી-ગૌતમ અદાણીથી માંડીને લક્ષ્મી મીતલ, સહીતના ભારતીય ઉદ્યોગકારો તથા જાપાન, સીંગાપોર, અમેરીકા, નેધરલેન્ડ, વિયેટનામ સહીતના દેશોનાં ટોચના ઉદ્યોગપતિઓ હાજર રહ્યા હતા.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના સ્વાગત પ્રવચન પછી (૧) યુએઇના રાષ્ટ્રપતિ શેખ મોહંમદ બિન ઝાયેદ અલ નાહ્યાન (૨) ચેક રિપબ્લીક્ના વડાપ્રધાન પિટર ફીલા (૩) મોઝામ્બિકાના રાષ્ટ્રપતિ ફિલિપ અસિન્તો ન્યુ સિની (૪) તીમોર લેસ્તેના રાષ્ટ્રપતિ



જોસ મેન્યુઅલ રામોસ સહિતના મહાનુભાવોએ પ્રવચન કર્યુ હતું અને ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યુ હતું.

દેશ વિદેશના નામાંકિત ઉદ્યોગપતિઓ ગુજરાતમાં વિવિધ ક્ષેત્ર મૂડીરોકાણ માટેની જાહેરાતો કરશે અને ભારત-ગુજરાતમાં રોકાણના લાભો અંગે માહિતગાર કરશે. સમિટના પ્રથમ દિવસે (૧) સ્માર્ટ મેન્યુફેકચરીંગ (૨) ગતિશકિત- ઇન્ફોર્મ્ડ ડિસિઝન મેકીંગ ફોર હોલિસ્ટીક ડેવલપમેન્ટ (૩) ગ્રીનફિલ્ડ સ્માર્ટસિટી ફોર સ્માર્ટ બિઝનેસ (૪) ગુજરાત રોડમેપ ફોર વિકસીત ભારત૨૦૪૭જેવા સેમિનારો ઉપરાંત રાઉન્ડ ટેબલગિફ્ટસીટી તથા કન્ટ્રી-સ્ટેટ સેમિનારને ગેટ વે ટુ ધ ફ્યુચરની થીમ સાથે યોજાનારી આ સમિટ દરમ્યાન ગુજરાતમાં વિવિધ ક્ષેત્રોમાં મોટા પાયે મૂડીરોકાણ માટેના સમજૂતિ કરાર થશે.

# કોચીંગ કલાસ દ્વારા પ્રકાશિત કરાતી ભ્રામક જાહેરાતો પર લગામ કસવા સરકારે કમર કસી

## કોચીંગ સંસ્થાઓ ૧૦૦ ટકા નોકરી મળવાની હવે ગેરંટી આપી નહીં શકેઃ ગાઈડ લાઈન જાહેર કરાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં કોચીંગ સંસ્થાઓ તરફથી સતત પ્રકાશિત કરવામાં આવતા ભ્રામક વિજ્ઞાપનો-જાહેરાતો પર લગામ કસવા માટે ગ્રાહક મામલાના મંત્રાલયે જણાવ્યું છે કે સંસ્થાન પોતાના વિજ્ઞાપનોમાં નોકરી મળવાની ૧૦૦ ટકા ગેરંટીના દાવા ન કરી શકે.

ગ્રાહક મામલાના સચિવ અને કેન્દ્રીય ગ્રાહક સંરક્ષણ ઓથોરીટી



(સીસીપીએ)ના મુખ્ય કમિશ્નર રોહિતકુમાર સિંહે કોચીંગ ઉદ્યોગના ભાગીદારો સાથે મુલાકાત કરીને તેના માટે મુસદ્દાની ગાઈડલાઈન માટે ચર્ચા કરી હતી.

મંત્રાલયે એક જાહેરાતમાં કહ્યુ હતું કે કોચીંગ સેન્ટરમાં ભ્રામક વિજ્ઞાપનો પર લગામ લગાવવાના ઉદેશથી દિશા નિર્દેશ તૈયાર કરવા માટે બનેલી સમીતીની ૮ જાન્યુઆરીએ પહેલી બેઠક થઈ હતી.

સમીતીએ મુસદ્દા ગાઈડલાઈન પર ચર્ચા કરી હતી. આ દિશા નિર્દેશ બધા કોચીંગ સંસ્થાનોને લાગુ પડશે પછી તે ઓનલાઈન ભણાવતી હોય કે ઓફલાઈન ભણાવતા હોય. તેમના ક્ષેત્રમાં દરેક ફોર્મેટ અને માધ્યમથી અપાનાર વિજ્ઞાપન આવશે.

કોચીંગ કલાસોએ શું કરવાનું છે, શું નથી કરવાનું: સફળ ઉમેદવારને મળેલ રેન્ક સફળ ઉમેદવાર દ્વારા પસંદ કરવામાં આવેલ પાઠ્યક્રમ ઉમેદવારે પસંદ કરેલ કોર્સ વગેરે નથી બનાવવાનો કે ૧૦૦ ટકા નોકરી મળવાનો દાવો નથી કરવાનો. ડિસ્કલેયર, ખુલાસા મોટા ટાઈપમાં જ જાહેરાતોમાં કરવા પડશે.

# એકવાડોરમાં ટેલિવિઝન સ્ટુડિયો પર બંદુકધારીઓનો હુમલો

## ન્યૂઝ એન્કર અને અન્ય લોકોને બંધક બનાવ્યાઃ લોકોએ ટીવી સ્ટુડિયોનું લાઈવ હાઈજેકીંગ જોયુ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

માસ્ક પહેરેલા બંદૂકધારીઓએ એક્વાડોરમાં એક ટેલિવિઝન સ્ટુડિયો પર હુમલો કર્યો અને ન્યૂઝ એન્કર અને અન્ય લોકોને બંધક બનાવ્યા. આ લોકોએ સુરક્ષા દળો અને નાગરિકોને મારી નાખવાની ધમકી આપીને ગભરાટ ફેલાવ્યો હતો. બગડતી પરિસ્થિતિને જોતા, એક્વાડોરના રાષ્ટ્રપતિ ડેનિયલ નોબોઆએ દેશના શક્તિશાળી અપરાધી જૂથો વિરુદ્ધ લશ્કરી કાર્યવાહીનો આદેશ આપ્યો છે. એક્વાડોરના સૌથી શક્તિશાળી ગુનાખોરીના જેલમાંથી ભાગી જવાથી સુરક્ષા કટોકટી સર્જાઈ છે. મંગળવારે, ગુંડાઓએ યુદ્ધની ઘોષણા કર્યાના થોડા કલાકો પછી, નોબોઆએ પણ દેશમાં આંતરિક સશષા સંઘર્ષની સ્થિતિ જાહેર કરી.

પિસ્તોલ અને ડાયનામાઇટની લાકડીઓથી સજ્જ લોકોએ ઇક્વાડોરના શહેર ગ્વાયાકિલમાં એક સમાચાર કાર્યક્રમના સેટ પર હુમલો કર્યો કારણ કે આ કાર્યક્રમનું સમગ્ર દેશમાં જીવંત પ્રસારણ કરવામાં આવી રહ્યું હતું. તેઓએ બૂમો પાડી અને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી. આ દરમિયાન ગોળીબાર જેવા અવાજો પણ સંભળાયા હતા. જેના કારણે સમગ્ર બિલ્ડીંગમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.



સ્ટુડિયોમાં હાજર લોકો ૧૫ મિનિટથી વધુ સમય સુધી બંધક રહ્યા હતાઃ ટીસી ટેલિવિઝનના ન્યૂઝ ચીફ એલિના મેનરિકે જણાવ્યું હતું કે જ્યારે માસ્ક પહેરેલા માણસોનું એક જૂથ બિલ્ડિંગમાં પ્રવેશ્યું ત્યારે તે સ્ટુડિયોની સામેના કંટ્રોલ રૂમમાં હતી. એક માણસે તેના માથા પર બંદૂક તાકી અને તેને જમીન પર બેસવા કહ્યું. આ ઘટનાનું લાંબા સમય સુધી લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું.

# રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ ઠંડુગારઃ ગિરનાર પર્વત પર ૭૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાયો

## તળાજામાં ઝાપટુઃ રાજકોટમાં તાપમાનનો પારો ૧૨.૬ ડિગ્રીએ પહોંચ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે સવારે પણ ઠંડા પવનોનું જોર રહ્યું હતું. જેથી લોકો ઠુંઠવાયા હતા. ખાસ કરીને ગીરનાર પર્વત ઉપર ૭૦ કિ.મી.ની ઝડપે બર્ફીલો પવન ફુંકાતા આજે સતત બીજા દિવસે રોપ-વેને બંધ રાખવો પડયો હતો. તો ગઇકાલે રાત્રીનાં તળાજામાં માવઠુ વરસ્યુ હતું.

આ ઉપરાંત ગઇકાલે પંચમહાલમાં ધોધંબા તાલુકાના કાપડી, કાંટ સહિતનાં ગામોમાં તેમજ દાહોદ, લીમખેડા, ઝાલોદ અને ગરબાડા પંથકમાં પણ કમોસમી વરસાદ પડતા ખેડુતો ચિંતાગ્રસ્ત બન્યા છે.



સોરઠમાં બે દિવસથી ઠંડીમાં આંશિક ઘટાડો થવા પામ્યો હતો. પરંતુ ગઇકાલે પવનની ગતિમાં ભારે વધારો થતો ગિરનાર પર્વત ઉપર ગઇકાલે અને આજે સવારથી ૭૦ કિ.મી.થી ઝડપે ઠંડો હીમ ભર્યો બરફીલો પવન ફુંકાતા પ્રવાસીઓ ઠુંઠવાય જવા પામ્યા છે. પવનની ગતિ વધતા પશુ-પક્ષીઓમાં પણ અસર જોવા મળી રહી છે.

ભારે પવનના કારણે રોપ-વે ગઇકાલે અને આજે પણ બંધ રાખવાની ફરજ પડી છે. ભારે પવનને અસર શહેરીજનોને ગ્રામ્ય વિસ્તારોમાં પણ જોવા મળી રહી છે. ધુળની ડમરીઓ ઉડી રહેવા પામતા લોકો બે દિવસથી ફરી ઠંડીનો ભારે અહેસાસ કરી રહ્યા છે. પવનના સુસવાટાથી લોકો ઠુંઠવાઇ જવા પામ્યા છે.

લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રીએ અને મહતમ તાપમાન ૨૦ ડિગ્રી નોંધાયુ હતું. ભેજનું પ્રમાણ ઘટના પવનના કારણે ઠંડીનો અનુભવ થઇ રહ્યો છે. વાતાવરણમાં પલ્ટો આવતા ભરશિયાળે વાદળો ચડી આવતા વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યું છે, વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે.

# RBIના નિયમોનું પાલન ન કરતી ગુજરાતની ત્રણ સહકારી બેંકો સામે કાર્યવાહી, ફટકાર્યો લાખોનો દંડ

## આરબીઆઈના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ચાર સહકારી બેંકોને દંડ ફટકાર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના નિયમોનું પાલન ન કરતી સહકારી બેંકો સામે કાર્યવાહી કરી છે. આરબીઆઈના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ચાર સહકારી બેંકોને દંડ ફટકાર્યો છે, જેમાં હાલોલ અર્બન કો-ઓપરેટિવ બેંક, મહેસાણા જિલ્લા પંચાયત કર્મચારી સહકારી બેંક, નવસર્જન ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ બેંક અને સ્તંભદ્રી કો-ઓપરેટિવ અર્બન બેંક છે.

એક અખબારી યાદીમાં આરબીઆઈએ જણાવ્યું હતું કે નવસર્જન ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ બેંકને સાત લાખ, મહેસાણા જિલ્લા પંચાયત એમ્પ્લોઈઝ




કો-ઓપરેટિવ બેંકને ત્રણ લાખ અને હાલોલ અર્બન કો-ઓપરેટિવ બેંકને બે લાખ, સ્તંભદ્રી કો-ઓપરેટિવ અર્બન બેંકને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

અરબીઆઈ અનુસાર, નવસર્જન ઇન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ બેંકે ઇન્ટર-બેંક ગ્રોસ અને કાઉન્ટરપાર્ટી એક્સપોઝર મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હતું.મહેસાણા જિલ્લા પંચાયત કર્મચારી સહકારી બેંકે પ્રુડેન્શિયલ ઇન્ટર-બેંક કાઉન્ટરપાર્ટી એક્સપોઝર મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હતું અને પાત્ર રકમ ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડમાં ટ્રાન્સફર ન કરતા દંડ ફટકારવામાં આવ્યો હતો.હાલોલ અર્બન કો-ઓપરેટીવ બેંકે એવી લોન મંજૂર કરી હતી જ્યાં બેંકના એક ડિરેક્ટરના સંબંધી ગેરેન્ટર તરીકે ઉભા હતા.

# પ્રોસ્ટેટ કેન્સરથી પીડિત પદ્મભૂષણ ઉસ્તાદ રાશિદ ખાનનું નિધનઃપપ વર્ષની વયે દુનિયાને અલવિદા કહ્યું

**મુખ્ય સમાચાર, મુંબઈ**

પ્રખ્યાત શાસ્ત્રીય ગાયક રાશિદ ખાનનું આજે, એટલે કે ૯ જાન્યુઆરીએ નિધન થયું છે. તેમણે બપોરે ૩.૪૫ વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા. પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

PTI અનુસાર, રાશિદ ખાન કોલકાતાની એક હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. તેઓ લાંબા સમયથી પ્રોસ્ટેટ કેન્સરથી પીડિત હતા.

૫૫ વર્ષીય રાશિદ ખાન પ્રોસ્ટેટ કેન્સરથી પીડિત હતા. તેઓ છેલ્લા એક મહિનાથી કોલકાતાની એક હોસ્પિટલમાં દાખલ હતા. જો હોસ્પિટલનાં સૂત્રોનું માનીએ તો રાશિદ ખાન સારવારમાં સારો પ્રતિસાદ આપી રહ્યા હતા. તેમની સારવાર કરતી ડોકટરોની ટીમ તેમની તબિયતમાં સુધારો જોઈને ખુશ હતી.

બીમારી હોવા છતાં પણ રાશિદ ખાનની દિનચર્યામાં કોઈ ફેરફાર થયો ન હતો. હોસ્પિટલમાં પણ તેઓ દરરોજ શાસ્ત્રીય સંગીતની પ્રેક્ટિસ કરતા હતા, પરંતુ બાદમાં તેમની તબિયત બગડી



હતી. મંગળવારે તેમની હાલત એટલી નાજુક થઈ ગઈ હતી કે તેમને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા. બાદમાં તેમનું મૃત્યુ થયું હતું.

રાશિદ ખાનના નિધનથી સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીને આઘાત લાગ્યો છે. તેમના નિધન પર શોક વ્યક્ત કરતાં બંગાળનાં સીએમ મમતા બેનર્જીએ કહ્યું - આ સમગ્ર દેશ અને સમગ્ર સંગીતજગત માટે એક મોટી ખોટ છે. હું ખૂબ દુ:ખી છું, કારણ કે હું હજી પણ વિશ્વાસ નથી કરી શકતી કે રાશિદ ખાન હવે નથી.

ભારતીય શાસ્ત્રીય સંગીતના ઊંચા ગજાના ગાયક ઉસ્તાદ રાશિદ ખાન રામપુર-સહાસ્વન ઘરાનાના ગાયક છે અને આ ઘરાનાની સ્થાપના કરનાર પ્રસિદ્ધ ગાયક ઈનાયત હુસૈન ખાનના પ્રપૌત્ર છે.

ઉત્તરપ્રદેશમાં જન્મેલા રાશિદ ખાન સમય જતાં કોલકાતામાં વસ્યા અને મુંબઈને પણ કર્મભૂમિ બનાવી. રામપુર-સહાસ્વન ઘરાનાની ગાયકી ગ્વાલિયર ઘરાનાને મળતી આવે છે. રાશિદ ખાને ઉસ્તાદ આમિર ખાન અને પંડિત ભીમસેન જોશીની ગાયકીથી પ્રેરાઈને અનેક ઠૂમરી, તરાના, ખયાલ, બંદીશો ગાઈ છે. તેમને ભારત સરકારે ૨૦૦૬માં પદ્મશ્રી અને ૨૦૨૨માં પદ્મભૂષણથી સન્માનિત કર્યા હતા. આ ઉપરાંત બંગ ભૂષણ, સંગીત નાટક અકાદમી એવોર્ડ, ગ્લોબલ ઈન્ડિયન મ્યુઝિક એકેડમી એવોર્ડ સહિતના પુરસ્કારો મળ્યા છે.

ઉસ્તાદ રાશિદ ખાને જબ વી મેટ, માય નેઇમ ઈઝ ખાન, રાઝ-૩, હેટ સ્ટોરી-૨, વોડકા ડાયરીઝ, ઈશ્કેરિયા, મન્ટો જેવી ફિલ્મોમાં ગીતો ગાયાં છે. ૨૦૦૭માં આવેલી ફિલ્મ જબ વી મેટનું સોન્ગ 'આઓગે જબ તુમ સાજના, અંગના ફૂલ ખીલે..', આ સિવાય અલ્લાહ હી રહેમ, રાઝ-૩નું દિવાના કર રહા હૈ.., ઈશાક ફિલ્મનું સોન્ગ જીની રે જીની, વોડકા ડાયરીઝનું સખી રી, મન્ટોનું બોલ કે લબ આઝાદ મેરે જેવા સોન્ગ પોપ્યુલર બન્યાં.

# ગુજરાતમાં ટુંક સમયમાં બુલેટ ટ્રેન દોડશેઃ જમીન સંપાદનનું કામ પૂર્ણ થતા ટ્રેક અને પુલોનું કામ પુરજોશમાં

## સુરત અને બીલીમોરા વચ્ચે બુલેટ ટ્રેનનો પ્રથમ તબક્કો શરૂ થશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

મુંબઈ-અમદાવાદ રેલ કોરિડોરને બુલેટ ટ્રેન પ્રોજેક્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે 'X' પર જમીન સંપાદન વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે પ્રોજેક્ટ માટે જરૂરી ૧૩૮૯.૪૯ હેક્ટર જમીન સંપાદિત કરવામાં આવી છે. મુંબઈ-અમદાવાદ વચ્ચે હાઈ-સ્પીડ રેલ લાઈન બાંધવામાં આવી રહી છે.

એનએચએસઆરસીએલે કહ્યું ગુજરાતના વાપી, બિલિમોરા, સુરત, ભરૂચ, આણંદ, વડોદરા, અમદાવાદ અને સાબરમતીમાં એચએસઆર સ્ટેશન નિર્માણ વિવિધ તબક્કામાં છે. રૂ. ૧.૧૦ લાખ કરોડનો પ્રોજેક્ટ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થવાની ધારણા હતી પરંતુ જમીન



સંપાદન સંબંધિત અનેક અવરોધોનો સામનો કરવો પડ્યો હતો. સરકાર ૨૦૨૬ સુધીમાં દક્ષિણ ગુજરાતમાં સુરત અને બીલીમોરા વચ્ચે બુલેટ ટ્રેનનો પ્રથમ તબક્કો શરૂ કરવાનું લક્ષ્ય ધરાવે છે.



NHSRCLએ જણાવ્યું હતું કે પ્રોજેક્ટ માટેના તમામ કોન્ટ્રાક્ટ ગુજરાત અને મહારાષ્ટ્રને આપવામાં આવ્યા હતા. તે જ સમયે, ૧૨૦.૪ કિલોમીટરના ગર્ડર નાખવામાં આવ્યા છે અને ૨૭૧ કિલોમીટરના થાંભલાઓ સ્થાપિત કરવામાં આવ્યા છે.

MHRC કોરિડોર ટ્રેક સિસ્ટમ માટે જાપાનીઝ શિંકનસેનમાં ઉપયોગમાં લેવાતા રિઇનફોર્સ્ડ કોંક્રીટ (RC) ટ્રેક બેડ નાખવાનું કામ પણ સુરત અને આણંદમાં શરૂ થયું છે. ભારતમાં પહેલીવાર જે-સ્લેબ બેલાસ્ટલેસ ટ્રેક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

એનએચએસઆરસીએલે કહ્યું કે માત્ર ૧૦ મહિનામાં ગુજરાતના વલસાડ જિલ્લામાં જરોલી ગામની નજીક ૧૨.૬ મીટર વ્યાસ અને ૩૫૦ મીટર લાંબી પ્રથમ માઉન્ટેન ટનલનું નિર્માણ પૂરુ કરી લેવામાં આવ્યું છે. ગુજરાતના સુરત જિલ્લામાં રાષ્ટ્રીય રાજમાર્ગ પર ૭૦ મીટર લાંબો અને ૬૭૩ મેટ્રિક ટન વજનવાળો પ્રથમ સ્ટીલ પુલ બનાવવામાં આવ્યો છે. સાથે આ પ્રકારના ૨૮માંથી ૧૬ પુલોનું નિર્માણ વિવિધ તબક્કામાં છે.

MAHSR કોરિડોર પરની ૨૪ નદીઓમાંથી છ નદીઓ પર પુલનું બાંધકામ પૂર્ણ થયું છે, જેમાં પાર (વલસાડ જિલ્લો), પૂર્ણા (નવસારી જિલ્લો), મીંધોલા (નવસારી જિલ્લો), અંબિકા (નવસારી જિલ્લો), ઔરંગા (વલસાડ જિલ્લો) અને વેંગનિયા (વલસાડ જિલ્લો)નો સમાવેશ થાય છે. નવસારી જિલ્લો). નર્મદા, તાપ્તી, મહી અને સાબરમતી નદીઓ પર કામ ચાલી રહ્યું છે.

# જામનગર એરપોર્ટના પ્રવેશદ્વાર પાસે વીજ કરંટ લાગતા એક ભડથું, બે સારવાર હેઠળ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એરપોર્ટ ગેઇટ નજીક કલરકામ કરતી વેળાએ વિજશોક લાગતા એક યુવાન સળગીને ભડથુ થઇ ગયો હતો, જયારે અન્ય બે દાઝી જતા ૧૦૮ મારફત સારવાર માટે જી.જી. હોસ્પીટલ ખસેડવા કાર્યવાહી કરવામાં આવી હતી.

જાણવા મળતી વિગત મુજબ જામનગર એરપોર્ટ નજીકના વિસ્તારમાં કામગીરી કરવામાં આવી રહી છે દરમ્યાન આજે એક દુર્ઘટના સર્જાઇ હતી અહીં કલરકામની કામગીરી દરમ્યાન એક શ્રમિકને હેવી વિજલાઇનમાંથી આંચકો લાગતા શરીરે સખત રીતે દાઝી જતા કરૂણ મોત થયુ હતું જયારે અન્ય બે દાઝી જતા સારવાર માટે ખસેડવામાં આવ્યા છે, બનાવના પગલે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

પીજીવીસીએલ, ફાયર બ્રિગેડ, પોલીસ સહિતની ટુકડીઓમાં દોડધામ મચી ગઇ હતી, ખરેખર બનાવ કેવી રીતે બન્યો એ સહિતની વિગતો ટુકડીઓ દ્વારા જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે.પોલ અને કમાનના ભાગે કલરકામ ચાલી રહયુ હતુ, બે મહિલા સહિતના ચાર શ્રમિકો કામ કરી રહયા હતા એ વખતે લોખંડનો ઘોડો ખસેડીને લઇ જતી વેળાએ ઉપરથી પસાર થતી હેવી વિજલાઇનને લોખંડનો ઘોડો અડી જતા સ્પાર્ક થયો હતો અને આ વેળાએ ઘોડો ખસેડી રહેલા શ્રમિકને જોરદાર વિજ આંચકો લાગતા સખત રીતે સળગી જતા મૃત્યુ થયુ હતું. જયારે અન્ય બે ને આંચકો લાગતા ફેંકાઇ ગયા હતા, એક મહિલાનું આ દ્રશ્ય જોઇને બીપી લો થઇ ગયુ હતું, બીજી બાજુ બનાવની જાણ થતા એરપોર્ટ ઓથોરીટીની ટીમ, પંચ-બી, વિજ ટીમ ઘટના સ્થળે દોડી જઇ કાર્યવાહી હાથ ધરી હતી.

# જૂનાગઢ વંથલી પાસે બે બસ અને કાર વચ્ચે અકસ્માતઃ ૧૨ વિદ્યાર્થિની ઈજાગ્રસ્ત

## આસોદર ગામની શાળાની વિદ્યાર્થિનીઓ પ્રવાસે નીકળી હતીઃ તંત્ર દ્વારા તાત્કાલિક સારવાર અપાઈ

**મુખ્ય સમાચાર, જીજ્ઞેશ પંડ્યા**




**જૂનાગઢ:** જુનાગઢ ખાતે વંથલી નજીક આજે સાંજના સુમારે આણંદ જિલ્લાના આંકડાઓ તાલુકાની આસોદર ગામની સ્કૂલ પ્રવાસે નીકળેલી સ્કૂલ બસને અકસ્માત નડ્યો હતો સમી સાંજે વંથલી નજીક બે બસ અને કાર ધડાકાભેર અથડાઈ, હતી ત્યારે સ્કૂલ બસમાં સવાર ૧૨ વિદ્યાર્થિની ઈજાગ્રસ્ત થઈ હતી અકસ્માતના સમાચારના પગલે જૂનાગઢનું તંત્ર તાબડતોબ મેડિકલ ઈમરજન્સી ની વ્યવસ્થા ઉભી કરવામાં જોતરાઈ ગયુ હતું

જૂનાગઢ જિલ્લાના વંથલી નજીક સ્કૂલની વિદ્યાર્થિનીઓને લઈ પ્રવાસે નીકળેલી બસ સહિત ત્રણ વાહનો વચ્ચે અકસ્માત સર્જાતાં સ્કૂલ-બ માં સવાર ૧૨ વિદ્યાર્થિનીઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનો અહેવાલ સાથેના શિક્ષક હિતેશભાઈ પટેલે આપ્યો હતો સાથે સાથે જણાવ્યું હતુંકે એક પણ વિદ્યાર્થીની ઓને અતી ગંભીર કહી શકાય તેવી ઇજાઓ પહોંચી નથી બસ સહિત ત્રણ વાહનો વચ્ચે અકસ્માત સર્જાતાં સ્કૂલ-બસમાં સવાર ૧૨ વિદ્યાર્થિનીને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માતમાં ત્રણેય વાહનોમાં ભારે નુકસાની જોવા મળી હતી. અકસ્માતના પગલે ઘટનાસ્થળ પર મોટી સંખ્યામાં રાહદારી લોકોના ટોળા એકત્રિત થયા હતા ઉપસ્થિત સેવાભાવી લોકોએ વિદ્યાર્થિનીઓને બહાર કાઢી હિંમત આપવાનો પ્રયાસ કરાયો હતો. ઘટનાસ્થળ પર ટ્રાફિકજામ થતાં પોલીસે પહોંચી વાહનાવ્યવહારને પૂર્વવત્ કરાવ્યો હતો. ઘાયલ થયેલી વિદ્યાર્થિનીઓને જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવી હતી ઘાયેલોને હોસ્પિટલ પહોંચાડવા માટે જૂનાગઢ સહિત લગભગ ૮ ૧૦૮ એમ્બ્યુલન્સ ના કાફલાને બનાવના સ્થળે રવાના કરવામાં આવ્યો હતો

સાથેના સ્કૂલ શિક્ષક હિતેશ પટેલ દ્વારા જણાવાયું હતું કે સોમનાથથી પરત ફરતી સ્કૂલ પ્રવાસની બસને અકસ્માત નડ્યો છે આ પ્રવાસ આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના આસોદર ગામની વિદ્યાર્થિનીઓને પ્રવાસે લઈને નીકળેલી બસ આજે સાંજે સોમનાથથી પરત ફરી રહી હતી ત્યારે વંથલી નજીક અન્ય એક બસ અને કાર વચ્ચે ટક્કર થઈ હતી. ધડાકાભેર અકસ્માત થતાં બસમાં સવાર વિદ્યાર્થિનીઓમાં દેકારો બોલી ગયો હતો. અકસ્માતના પગલે રસ્તા પરથી પસાર થતા અન્ય વાહનના ચાલકો દોડી આવ્યા હતા અને વિદ્યાર્થિનીઓને અકસ્માતગ્રસ્ત બસમાંથી બહાર કાઢી હિંમત આપવાનો પ્રયાસ કર્યો હતો. ૧૨

જેટલી વિયાર્થિનીઓને નાની-મોટી ઈજા પહોંચતા હાલ સારવારમાં ખસેડવામાં આવી છે. અકસ્માતમાં બંને બસમાં મોટું નુકસાન થયું હતું. સદનસીબે જાનહાનિ થતાં જરાકમાં અટકી હોવાના અહેવાલો સાંપળી રહ્યા છે. બસમાં સવાર આંકલાવ તાલુકાના આસોદર ગામની હાઈસ્કૂલની ૫૩ વિદ્યાર્થિની સાથે પ્રવાસે નીકળેલી બસને વંથલી નજીક અકસ્માત નડ્યો હતો બસમાં નાની વયની વિદ્યાર્થીનીઓ હોય ઘટનાના પગલે ચીચીયારીઓ અને ચીસાચીસ નો માહોલ ઉભો થતા ઘટનાને નજરે જોનારાઓ પણ હેબતાઈ ગયા હતા બસમાં સવાર શાળાના શિક્ષક હિતેષ પટેલ સાથેની વાતચીતમાં તેમણે હતું કે વંથલી નજીક એક કાર અને અન્ય બસ વચ્ચે અકસ્માત થતાં અન્ય બસ પલટી ગઈ હતી, જે તેમની સ્કૂલ બસ સાથે અથડાતાં સ્કુલ બસ રસ્તાની નીચે ઊતરી ગઈ હતી, જેમાં ૧૨ જેટલી વિદ્યાર્થિનીને સામાન્ય ઈજા પહોંચી છે કોઈને પણ સદનસીબે ગંભીર ઈજાઓ થવા પામી નથી.

આ અકસ્માત દરમિયાન બસ અને કારના ચાલકને સારવાર માટે ખસેડવામાં આવ્યા ટ્રિપલ અકસ્માતમાં સ્કૂલ પ્રવાસની બસ સિવાયની જે અન્ય એક બસ અને કાર હતી એમાં સવાર લોકોને પણ નાની-મોટી ઈજાઓ પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જેમાં ત્રણ લોકોને વધુ સારવાર માટે રાજકોટ રિફર કરવામાં આવ્યા હોવાના અહેવાલો મળી રહ્યા છે.

# જામનગરમાં વેરો ન ભરનાર ૧૩ આસામીની મિલકત જપ્ત કરાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં વેરો ન ભરનાર ૧૩ આસામીની મિલલક્ત મનપા દ્વારા જપ્ત કરવામાં આવી છે. મહાનગરપાલિકાની કાર્યવાહી દરમ્યાન રૂ. ૧,૧૫,૭૯૭ ની સ્થળ પર વસૂલાત કરવામાં આવી હતી. જામનગરમાં મનપા દ્વારા રૂ.૩૧-૩-૨૦૨૩નો મિલક્ત વેરો ન ભરનાર આસામીઓને નોટીસ ફટકારવામાં આવી હતી. આમ છતાં વેરો ન ભરનાર આસામીઓની મિલક્ત જપ્તીની કાર્યવાહી મનપાએ શરૂ કરી છે. જે અંતર્ગત રાહુલ મનસુખલાલ શાહ રૂ.૬૬૬૦૬,



અનસુયાબેન કાન્તીલાલ શાહ રૂ.૨૪૩૨૮, રાજેન્દ્રભાઇ ભીમજીભાઇ અસ્વાર રૂ.૧૧૦૮૬૧, આર.ડી.બ્રોકર રૂ.૩૮૬૫૮, દીપકકુમાર શેઠ રૂ. ૨૭૬૭૦, પૂનમ કોમ્યુનીકેશન રૂ.૨૨૩૧૧, અલઆશીર કાસમભાઇ દેવાણી.રૂ.૨૩૧૯૯ અને રૂ. ૩૦૬૧૨, બળવંત વેલજીભાઇ કારોલીયા રૂ.૫૨૯૦૬ અને રૂ.૨૫૦૯૯ વેરો બાકી હોય મિલક્ત જપ્ત કરાઇ હતી. જયારે આ કાર્યવાહી દરમ્યાન ભાદૂત એસ.જે.ટેકસટાઇલ્સે રૂ.૨૩૮૬૭ અને અરજણભાઇ રામાભાઇ ડાભીએ રૂ.૯૧૯૩૦ નો વેરો સ્થળ પર ભરપાઇ કર્યો હતો.

# જામનગરના સમર્પણ સર્કલ પાસે રીક્ષા ચોરી કરનાર ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સમર્પણ સર્કલ પાસે રીક્ષાની ઉઠાંતરી થઇ હતી જેનો ભેદ સીટી-સી પોલીસે ઉકેલી નાખ્યો છે, એક શખ્સને ચોરાઉ રીક્ષા સાથે પકડી લેવામાં આવ્યો હતો.

જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુએ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જેથી નાયબ પોલીસ અધિક્ષક ડી.પી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ સીટી-સી ડીવીઝન નયના ગોરડીયાની સુચનાથી તેમજ પીઆઇ એ.આર. ચૌધરીની સુચનાથી




સર્વેલન્સ સ્કોના પીએસઆઇ વી.એ. પરમાર તથા પોલીસ સ્ટાફના માણસો સાથે જામનગર સીટી-સી ડીવીઝનના ૩૭૯ મુજબ સીએનજી રિક્ષા ચોરીનો ગુનો બનેલ હોય જે ગુનો અનડીટેકટ હોય જે શોધી કાઢવા માટે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન ટેકનીકલ તથા હયુમન સોર્સ દ્વારા સ્ટાફના પો.હેડ કોન્સ ખીમશીભાઇ ડાંગર, પો.કોન્સ હોમદેવસિંહ જાડેજા, હર્ષદભાઇ પરમાર, વનરાજભાઇ ખવડને સંયુક્ત બાતમી રાહે હકીક્ત મળેલ કે ઉપરોકત ચોરીમાં ગયેલ રીક્ષા નં. જીજે૩એડબલ્યુ-૦૯૦૮ સાથે દિપક મંગા સીંગરખીયા રહે. વામ્બે આવાસ બ્લોક નં. ૫, રુમ નં. ૧૧.જામનગર મુળ ડાંગરવડ તા. કલ્યાણપુર, દ્વારકાવાળો શીવ હોટલ ધરારનગરથી સાતનાલા તરફ આવતો હોવાની હકીકત આધારે વોચમા રહી ઇસમને પકડી પાડી ૪૦ હજારની રીક્ષા કબ્જે કરી પો.હેડ કોન્સ કે.જી. ડાંગરએ ધોરણસરની કાર્યવાહી કરી ઉપરોકત અનડીટેકટ ગુનો ડીટેકટ કરેલ છે.

# રાજુલા પોલીસ દ્વારા સાઈબર જાગૃતિ માટેનું મહાઅભિયાન

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**



**રાજુલા:** કહેવાય છે ને કે માણસ વધારે તે શું નથી કરી શકતું આવો એક મક્કમ નિર્ણય રાજુલાના પી આઇ ગીડાએ કર્યો છે ત્યારે રાજુલા શહેરમાં હાજર થતા જ વેપારીઓ તેમજ વિવિધ સંસ્થાઓયે આ અધિકારીની કામગીરીને બિરદાવી છે ત્યારે હાલ સાયબર ક્રાઈમ બાબતે રાજુલા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ આ ઝુંબેશ ઉઠાવવામાં આવેલ છે અને આજે રાજુલા શહેરના વિવિધ ગ્રામ્ય વિસ્તારો જેવા કે વાવેરા હિંડોરણા,કાતર,ભાક્ષી,બારપટોળી સહિતના વિવિધ ગામડાઓમાં સાયબર બાબતે લોકોને જાગૃત કરવા માટેના પ્રયત્નો પોલીસ દ્વારા કરવામાં આવ્યા તેમજ લિટરેચર પેમ્પલેટ બેનર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વિતરણ કરવામાં આવ્યું અને આ સિવાય શાળાઓમાં જઈ બાળકોને પણ મોબાઈલમાં થતા ફ્રોડ બાબતે જાણકારી આપવામાં આવી હતી રાજુલા શહેરમાં પી.આઇ ગીડાની નિમણુક થતા શહેરમાં ટ્રાફિક પોઈન્ટ તેમજ રાત્રીનું પેટ્રોલિંગ સહિતની વિવિધ કામગીરીઓ શરૂ કરવામાં આવેલ છે

# રાજુલાના કથીવદર ગામે પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન શેડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા તાલુકાના કચ્છીવદર ગામે આવેલ પ્રાથમિક શાળામાં GHCL ફાઉન્ડેશન વિક્ટર,સી એસ આર. અંતર્ગત ગ્રામ આંતર માળખાકીય વિકાસ કાર્યક્રમ સંદર્ભે કથિવદર પ્રાથમિક શાળાને મધ્યાહન ભોજન શેડની ફાળવણી કરવામાં આવી હોય જેના ખાતમુર્હતનો આજે કાર્યક્રમ યોજાયો હતો જેમાં ગામના સરપંચ, આગેવાનો,



શાળા પરિવાર તેમજ GHCL સ્ટાફ સહિત ઉપસ્થિત રહ્યા હતા અને સમસ્ત ગામ વતી સરપંચ દ્વારા આ કામગીરીને બિરદાવી હતી

# જામનગરના લાલપુર પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ કર્મીને રીવોલ્વરમાંથી ગોળી છુટતા પગમાં વાગી

## સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લાના લાલપુર પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ કર્મીને રીવોલ્વરમાંથી અકસ્માતે ગોળી છુટી પગમાં વાગી જતા સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પીટલમાં ખસેડાયા છે. મળતી વિગત અનુસાર જામનગરમાં રહેતા અને લાલપુર પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ કર્મી મેહુલભાઇ ગઢવીને મંગળવારે પરવાનાવાળી રીવોલ્વરમાંથી અકસ્માતે ગોળી છુટી પગમાં વાગી જતા તેઓને તાત્કાલિક સારવાર અર્થે જી.જી. હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.આ બનાવની જાણ થતા પોલીસ ટીમ હોસ્પીટલમાં દોડી ગઇ હતી.અકસ્માતે રીવોલ્વર પડી જતા



ગોળી છુટી પગના ભાગે વાગી હોવાનુ જાણવા મળ્યુ છે.પોલીસ દ્વારા બનાવ અંગે તપાસ હાથ ધરાઇ છે.

# જામનગરમાં રહેતા પાકિસ્તાનના મહિલાને મળ્યું ભારતીય નાગરિકત્વ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના કાલાવડ ગેઇટ વિસ્તારમાં રહેતા મહમદહુશૈન જિકર નામના વ્યક્તિએ મૂળ પાકિસ્તાનના અસ્માબાનું સાથે લગ્ન કર્યા હતા. તેણી વર્ષ ૨૦૦૭થી તેમના પતિ સાથે જામનગરમાં રહે છે. તેણીએ ભારતીય નાગરિકતા અપનાવવા માટે અરજી કરતાં કેન્દ્ર સરકાર દ્વારા અસ્માબાનુને ભારતીય નાગરિકતા આપવામાં આવતા જિલ્લા કલેકટર બી. એ.શાહના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. તે બદલ પતિ-પત્નીએ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.



# જામનગરના પતંગ બજારમાં મંદીનો માહોલઃ જોઈએ તેવી ખરીદી નહીં નીકળતાં વેપારીઓમાં નિરાશા





**મુખ્ય સમાચાર, જામનગર**

મકર સક્રાંતિ ના તહેવાર આડે હવે ગણતરી ના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે જામનગરમાં હજુ પણ જોઈએ તેવો ખરીદીનો માહોલ જામ્યો નથી. ઘણા સમયથી મંદીમો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે જામનગરની બજારમાં પણ તેજીના માહોલની જગ્યાએ સુસ્તીનો માહોલ દેખાઈ રહ્યો છે. જો કે ઉત્તરાયણના તહેવારને આડે હવે બસ ગણતરીના જ દિવસો બાકી બચ્યાં છે. ત્યારે જામનગરની પતંગ.બજારમાં પતંગ અને ફીરકી માં અવનવી વેરાયટીઓ પણ આવી છે. પરંતુ હજુ પણ ખરીદીના માહોલમાં સુસ્તી દેખાઈ રહી છે. સૌ કોઈ આ તહેવારને વધાવી લેવા આતુર હોઈ છે. દર વર્ષે જામનગરના બજારમાં લોકોનુ મહેરામણ ઉમટી પડતુ હોઈ છે પતંગની ખરીદી માટે. જો કે આ વખતે ક્યાંકને ક્યાંક મંદીની અસર પણ જોવા મળી રહી છે.

# જામનગરના ૧૪ પીએસઆઇની આંતરીક બદલી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર, જીલ્લામાં ફરજ બજાવતા ૧૪ પીએસઆઇની આંતરીક બદલીઓના ઓર્ડર કરવામાં આવ્યા છે,જામનગર શહેર, જીલ્લા પોલીસ મથકોમાં ફરજ બજાવતા ૧૪ પીએસઆઇની એસપી દ્વારા આંતરીક બદલીઓ કરવામાં આવી છે, જેમાં કાલાવડ ગ્રામ્યના એચ.વી. પટેલ, સીટી-એના વી.કે. રાતીયા, ટ્રાફિકના




એ.એચ. ચોવટ, સીટી-એના બી.એસ. વાળા, બેડી મરીનના એમ.એલ. ઓડેદરા, સાયબર ક્રાઇમના એ.આર રાવલ, સિકકાના એ.વી. સરવૈયા, એસઓજીના આર.એચ. બાર, જે.ડી. પરમાર, સીટી-બીના એસ.બી. સામાણી, ડી.બી. લાખણોત્રા, સીટી-સીના વી.એ. પરમાર, એન.જે. રાવલ, મહિલા પોલીસ સ્ટેશનના આર.એ. ચનીયારાનો સમાવેશ થાય છે.

# મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ અન્વયે સંકલિત આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરાઈ

## જામનગર જિલ્લામાં ૨૦૪૦૧ મતદારોનો વધારો થયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં ૨૦૪૦૧ મતદારોનો વધારો થયો. ભારતના ચૂંટણી પંચ, ન્યુ દિલ્હી તથા મુખ્ય નિર્વાચન અધિકારીની સૂચના અનુસાર તા.૨૭/૧૦/૨૦૨૩ થી તા.૦૯/૧૨/૨૦૨૩ દરમ્યાન મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે દરમ્યાન મળેલ તમામ ફોમર્સનો આખરી નિકાલ થયે તા.૦૫/૦૧/૨૦૨૪ના રોજ મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરમ્યાન થયેલ તમામ ફેરફારો બાદ જામનગર જિલ્લામાં મતદારોની વિગતો જેમાં કાલાવડ, જામનગર ગ્રામ્ય, જામનગર ઉત્તર, જામનગર દક્ષિણ, જામજોધપુર વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન મથકોની સંખ્યા અનુક્રમે



૨૮૦,૨૭૦,૨૨૬,૧૯૭,૨૬૮ મળી જામનગર જિલ્લામાં ૧૨૪૧ મતદાન મથકો છે. જિલ્લામાં કુલ ૧૨૧૧૨૭૨ મતદારો પૈકી ૬૨૧૨૩૫ પુરુષો, ૫૯૦૦૨૩ સ્ત્રીઓ અને ૧૪ થર્ડ જેન્ડર છે. જેમાં ૧૮થી ૧૯ વયજૂથના ૧૨,૨૮૨ મતદારો તથા ૨૦થી ૨૯ વયજૂથના ૮,૧૧૯ મતદારોનો વધારો થયો છે. તેમજ જિલ્લાનો મતદારયાદી મુજબનો જેન્ડર રેશિયો ૯૫૦ થયો છે.

મતદારયાદી સુધારણા કાર્યક્રમ હાલ ચાલુ જ હોય, મતદારયાદીમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરવા આપ Voter Helpline Moblie App થી અથવા https://voters.eci.gov.in/ વેબસાઈટ દ્વારા ઘરબેઠાં ઓનલાઈન જ ફોર્મ ભરી શકો છો અથવા આપની નજીકના મતદાર નોંધણી અધિકારી અથવા મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરીનો રૂબરૂ સંપર્ક કરી શકો છો.

મુખ્ય નિર્વાચન અધિકારી. ગુજરાત રાજયની ઓફિશિયલ વેબસાઈટ https://ceo.gujarat.gov.in પરથી આપ મતદારયાદીમાં આપનું નામ તથા વિગતો, મતદાન મથકોની વિગતો તેમજ મતદારયાદી લગત અન્ય તમામ વિગતો જાણી શકો છો. મતદારયાદી લગત અન્ય કોઈ સમસ્યા માટે આપ અમારા ટોલ ફ્રી નંબર ૧૯૫૦ ઉપર પણ સંપર્ક કરી શકો છો.

# ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયાના અધ્યક્ષસ્થાને મોરબીના પંચાસર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના પંચાસર ગામે ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરિયાના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો. ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથને ગ્રામજનો દ્વારા હર્ષભેર આવકાર આપવામાં આવ્યો હતો. ધારાસભ્ય સહિત મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં રથનું કુમકુમ તિલક કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરકારશ્રીની યોજનાઓથી થતા લાભો તેમજ ખેતી વિષયક યોજના વિષેની માહિતી આપવામાં આવી હતી.




આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા લોકોને અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગામડું, ગામ અને ખેડૂત તમામને ધ્યાનમાં રાખી અનેક યોજનાઓ બનાવી હતી, એમાં ખૂટતી કડીઓ તેમણે દેશના વડાપ્રધાન બન્યા પછી જોડી. એક દાયકામાં દેશની દશા અને દિશા બદલી ગઈ વિશ્વ ભારતને એક અલગ દ્રષ્ટિકોણથી જોવા લાગ્યું છે. ઉપરાંત તેમણે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું મહત્વ સમજાવીને વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં સૌને સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત નાગરિકોએ વિકસિત ભારત ૨૦૪૭ના સ્વપનને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવા સંકલ્પ લીધા હતા. આ પ્રસંગે ધારાસભ્યશ્રી સાથે મોરબી તાલુકા પંચાયત પ્રમુખશ્રી અશોકભાઈ દેસાઈ, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, શાળાનો સ્ટાફ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધર્મેન્દ્ર કોલેજનું આકાશ રંગબેરંગી પતંગોથી છવાયું


## રાજકોટ મનપા અને ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાયોઃ દેશ–વિદેશના પતંગવીરોની હાજરી







(તસ્વીરઃ આનંદ જાવિયા)





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાતનુ પ્રવાસન ક્ષેત્ર આગવું સ્થાન પ્રાપ્ત થાય તે માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનુરાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે આજરોજ સવારે ૦૯:૩૦ કલાકે ધર્મેન્દ્રસિંહજી કોલેજ (ડી.એચ. કોલેજ)ના ગ્રાઉન્ડ ખાતેયોજાયો.આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં જર્મની, ઈરાક, મલેશિયા, ઈઝરાઈલ, ઇટાલી, જોર્ડન, કોરિયા, લેબનોન, નેપાળ, નેધરલેંડ, યુ.કે., જોર્જિયા, ઇસ્ટોનિયા સહિતના દેશોના પતંગવીરો આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં જોડાયા.આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભારત દેશના બિહાર, મહારાષ્ટ્ર, પંજાબ સહિતના રાજ્યોના પતંગવીરો જોડાયા હતા..

આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો શુભારંભ રાજકોટના સાંસદ મોહનભાઈ કુંડારીયાના વરદ હસ્તે કરવામાં આવ્યો તેમજ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેલ. આ ઉપરાંત આ કાર્યક્રમમાં રાજ્ય સભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, શાસક પક્ષ નેતાશ્રી લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી અશ્વિનભાઈ મોલિયા, સમાજ કલ્યાણ સમિતી ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, પ્લાનીંગ સમિતિ ચેરમેન ચેતનભાઈ સુરેજા, માધ્યમિક શિક્ષણ સમિતિ ચેરમેન રસિલાબેન સાકરીયા, શિશુ કલ્યાણ, ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિ શામક દળ સમિતિના ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, કાયદો અને નિયમોની સમિતિના ચેરમેન દેવુબેન જાદવ, બાગ બગીચા અને ઝૂ સમિતિ ચેરમેન સોનલબેન સેલારા, માર્કેટ સમિતિ ચેરમેન રવજીભાઈ મકવાણા, એસ્ટેટ સમિતિ ચેરમેન મગનભાઈ સોરઠીયા, હાઉસિંગ સમિતિ ચેરમેન નીતિનભાઈ રામાણી, કોર્પોરેટર વિનુભાઈ સોરઠિયા, જીતુભાઈ કાટોડીયા, નરેન્દ્રસિંહ વાઘેલા, ભારતીબેન મકવાણા, દક્ષાબેન વાઘેલા, વર્ષાબેન પાંધી, જયાબેન ડાંગર, અનિતાબેન ગોસ્વામી, રાજેશ્રીબેન ડોડીયા, ભારતીબેન પરસાણા, અલ્પાબેન દવે, કુસુમબેન ટેકવાણી, ગુજરાત પ્રવાસન નિગમ લી.ના પ્રતિનિધિ અનિલભાઈ, વોર્ડ નં.૧ના પ્રભારી કાથડભાઈ ડાંગર, અગ્રણી સુનીલભાઈ ટેકવાણી, મનસુખભાઈ જાદવ, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતા સંસદ સભ્ય રામભાઈ મોકરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના માધ્યમથી રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન દ્વારા આજે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આ મહોત્સવમાં પતંગ, દોરી, આકાશ અને પવન જોઈએ જે આજે બધું જ છે તો આ અવસરને માણવા અને આવવા બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવું છું.

મેયરએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, આ અવસરે ભારત સહિત અન્ય દેશમાંથી પતંગબાજો અહીં પધારેલ છે અને બાળ ગીત અને લગ્ન ગીતમાં પણ જેનો ઉલ્લેખ થયો છે તેવી પતંગનો આજે આ મેદાનમાં આપ સૌ સંગીત સાથે માહોલ ઉભો કરવાનો છે. નાના બાળકથી વૃદ્ધ સુધી તમામને ગમતો વિષય છે. સાથે સાથે આરોગ્ય માટે પણ ખૂબ લાભદાયી છે જેમાં ચીકીનો પણ સમાવેશ થાય છે. આવો આપણે સૌ સાથે મળીને આ મહોત્સવને ઉજવીએ અને માણીએ.

કાર્યક્રમના પ્રારંભે શાબ્દિક સ્વાગત સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા કરવામાં આવેલ અને મંચસ્થ મહાનુભાવોનું ખાદીના રૂમાલ અને પુષ્પ વડે સ્વાગત સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમની રૂપરેખા મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ દ્વારા કરવામાં આવેલ.આ પ્રસંગે સરોજીની નાયડુ સ્કુલના છાત્રો દ્વારા રણછોડ રંગીલા નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતુ અને ગુજરાત પ્રવાસન નિગમ લી.દ્વારા ખલાસી ગરબાનું આયોજન કરવામાં આવેલ હતું. આ ગરબા દરમ્યાન ઉપસ્થિત મહાનુભાવો, વિદેશી પતંગબાજો અને શહેરીજનો ગરબાના તાલે ઝૂમી ઉઠ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાદ્વારા કરવામાં આવેલ. આ પતંગ મહોત્સવમાં ૩૮ વિદેશી કાઈટીસ્ટો જેમાં જર્મની, ઈરાક, મલેશિયા, ઈઝરાઈલ, ઇટાલી, જોર્ડન, કોરિયા, લેબનોન, નેપાળ, નેધરલેંડ, યુ.કે., જોર્જિયા, ઇસ્ટોનિયા જેવા દેશના પતંગબાજો તેમજ ભારતના બિહાર, પંજાબ અને મહારાષ્ટ્ર રાજ્યના ૧૪ પતંગબાજો અને રાજકોટ સહીત ગુજરાતના અન્ય જિલ્લાના ૫૮ પતંગબાજોએ ભાગ લીધો હતો.આ સર્વે પતંગવીરોએ ધર્મેન્દ્રસિંહજી કોલેજના ગ્રાઉન્ડમાં અવનવી, પચરંગી, થીમ આધારીત પતંગો ઉડાડી આકાશને રંગબેરંગી બનાવવામાં આવેલ.

# શહેરમાં દસ દિવસમાં બે બાઈકની ઉઠાંતરી કરનાર તસ્કર ઝડપાયો

**મુખ્ય સમચાર રાજકોટ**

શહેરના અલગ-અલગ વિસ્તારોમાં મિલક્ત સંબંધી ગુના અટકાવવા અને ચોરાઉ બાઈક શોધવા અંગેની સુચના ડીસીપી ઝોન ટુ સુધીરકુમાર દેસાઈ આપતા ડીસીપી ઝોન ટુ એલસીબી ટીમના પીએસઆઈ આર.એચ.ઝાલાની સુચનાથી હેડકોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ તથા અમીનભાઈ ભુવર તથા મનિષભાઈ સોઢીયા તથા જયપાલસિંહ સરવૈયા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે મૂળ જામજોધપુર તાલુકાના સંગ ચિરોડા ગામના વતની અને હાલ રાજકોટમાં ૧૫૦ રીંગ રોડ પર પ્રીયદર્શની સોસાયટીમાં રહેતો મયુરસિંહ મહોબતસિંહ ચાવડા નામના શખ્સને નંબર વગરના એક્સેસ સાથે દબોચી લઈ આકરી પૂછપરછ કરતા આ શખ્સે શહેરમાં છેલ્લા દસ દિવસની અંદરમાં ગાંધીગ્રામ અને તાલુકા પોલીસની હદ વિસ્તારમાંથી બે બાઈક ની



ઉઠાંતરી કરી હોવાની કબૂલાત આપતા પોલીસે રૂા.૧ લાખના કિંમતના બે બાઈક કબજે કરી વાહનચોર મયુરસિંહ ચાવડાની ધરપકડ કરી હતી.

## તેજ ખબરના યુવા પત્રકાર નરપત ભાટીનો આજે જન્મ દિવસ



તેજ ખબર ટીવી ચેનલના રાજકોટના પત્રકાર નરપત ભાટીનો આજે જન્મ દિવસ છે. યુવાઓએ પત્રકારત્વમાં ઝંપલાવનાર નરપત ભાટીએ અનેક ઘટનાઓનું રિપોર્ટીંગ કર્યું છે. ૩૨ વર્ષ પૂર્ણ કરી ૩૩માં વર્ષમાં પ્રવેશનાર નરપતને આજે તેના જન્મ દિવસ નિમિત્તે પરિવારના સદસ્યો, શુભેચ્છકો, સ્નેહીમિત્રો તથા અખબારના મિત્રો તરફથી લાખેણી શુભકામનાઓ મળી છે.

# ગંજીવાડા વિસ્તારમાંથી સગીરાનું અપહરણ કરનાર શખ્સને પકડવામાં થોરાળા પોલીસના હાથ ટુંકા પડયા

## સગીરાની માતાએ અનેક્વાર રજૂઆત કરવા છતાં સગીરાની ભાડ ન મળીઃ થોરાળા પોલીસની ઢીલી નીતીથી થાકીને અંતે ડિસીપીને રજૂઆત કરાઈઃ ઉચ્ચકક્ષાએ રજૂઆત થતા પોલીસે તપાસ શરૂ કરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાઠે આવેલા પછાત વિસ્તારોમાં દારૂ જુગારના દુષણને દૂર કરવામાં પોલીસ નિષ્ફળ રહી છે. ત્યારે સામા કાઠે વિસ્તારોમાં લુખ્ખા અને આવારા તત્વો બેફામ બની પોલીસનો ખોફ રાખ્યા વગર છાશવારે ગુનો કરતા અટકાતા ન હોય ત્યારે આવો એ બનાવ સામા કાઠે ગંજીવાડા વિસ્તારમાં બનવા પામ્યો છે. આ વિસ્તારમાં છાશવારે ઝગડો કરવાની ટેવ ધરાવતા નામચીન શખ્સ છેલ્લા આઠ દિવસથી સગીરાનું અપહરણ કરી નાસી ગયો હોય ત્યારે આ શખ્સને પકડવામાં થોરાળા પોલીસના હાથ ટુંકા પડી ગયા હોય તેવું લાગી રહયું છે.

આ બનાવની જાણવા મળતી






માહિતિ મુજબ ગંજીવાડા વિસ્તારમાં રહેતી અને મજુરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતી અનુ.જાતી. મહિલાએ ગઈ તા.૩/૧/૨૦૨૪ના તેની ૧૭ વર્ષીય સગીર પુત્રીનું પાડોસમાં રહેતો નામચીન પ્રકાશ સોમા પાંચાલ નામનો શખ્સ રાત્રીના ૧૧ વાગ્યે બાદ લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી અપહરણ કરી ગયો હતો. મહિલાએ તેની સગીર વયની પુત્રીનું અપહરણ કરનાર સામે થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવતા આ ફરિયાદની તપાસ પીઆઈ બી.એમ.જણકાંતએ શરૂ કરી હતી. પરંતુ તપાસ ગોકળ ગતી એ ચાલતી હોય જેથી અપહરણ કરનાર શખ્સને શહેરથી દૂર નાસી જવામાં સફળતા મળી હતી. સગીરાના પરિવારજનોએ અનેક્વાર પીઆઈ જણકાંતને રજૂઆત કરી હતી. અને વિસ્તારમાં તથા શેરીમાં લગાવવામાં આવેલા ખાનગી સીસીટીવી કેમેરાના માધ્યમથી તપાસ કરી. તેની પુત્રીને શોધી પરિવાર સાથે મીલન કરાવા રજૂઆત કરી હતી. પરંતુ થોરાળા પોલીસ ના હાથ આ અપહરણકર્તાને પકડવામાં ટુકા પડી રહયા હોય તેમ પોલીસ કોઈ કાર્યવાહી ન કરતી હોય જેથી આજે પરિવારજનો ડીસીપી ઝોન વન સજ્જનસિંહ પરમારને રજૂઆત કરવા દોડી આવેલા હતા. અને પરિવારની સગીરવયની દિકરીને શોધી ન્યાય અપાવવા રજૂઆત કરી હતી.

# જસદણમાં સુરક્ષા કેમ્પ મંત્રી બાવળિયા તથા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી કેતનસિંહ ખપેડની અધ્યક્ષતામાં યોજાયો

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણ:** જસદણમા કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ની અધ્યક્ષતામાં રોડ સેફટીનો કેમ્પ નુ આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં રાજકોટ જિલ્લાના પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી કેતન ખપેડ અને રોડ સેફટી એક્સપર્ટ રિટાયર્ડ સી એ ઓ રોડ સેફ્ટી જે વી શાહ ની હાજરીમાં યોજવામા આવ્યો હતો જેમાં રોડ સેફ્ટી વિશે ની તમામ માહિતી આપવામાં આવી તથા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ પ્રસંગિક ઉદબોધન કર્યું હતું તેમજ આ કાર્યક્રમમાં શહેરના અગ્રણી ઉદ્યોગપતિ હિરેનભાઈ સાકરીયા અગ્રણી




સુરેશભાઈ જોશી જસદણ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જેપી રાઠોડ પાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન પ્રવીણભાઈ ધોળકિયા તથા રાજકોટ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી અશોકભાઈ ચાવ તેમજ જસદણ શહેર બક્ષીપંચ મોરચાના પ્રમુખ વિજયભાઈ જે રાઠોડ પાલિકાના સભ્ય દુર્ગેશભાઇ કુબાવત અમરશીભાઇ રાઠોડ હાર્દિકભાઈ ધોળકિયા મુન્નાભાઈ બાવળીયા અને કેયુરભાઇ શેખલીયા સહિતના વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

# ગોંડલના આઇ.સી.ડી.એસ ઘટક ૧ દ્વારા કિશોરી માટે ન્યુટ્રિશન જાગૃતિ કેમ્પ યોજાયોઃ 'સશક્ત દીકરી સુપોષિત જાગૃતિ' રેલીનું આયોજન થયુ

**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંક:** રાજકોટ જિલ્લાના ઘટક ગોંડલ-૧ ખાતે મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા એનીમિયા મુક્ત ભારત અંતર્ગત ICDS વિભાગ,આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગના સંયુક્ત પ્રયાસથી કિશોરીઓને પૂર્ણા યોજનાની માહિતી મળી રહે તે માટે સશક્ત દીકરી અને કુપોષિત જાગૃતિ રેલી નું આયોજન કરવામાં આવેલ.




રેલીના આયોજનના પ્રથમ તબક્કામાં કિશોરીઓને હેલ્દી નાસ્તો આપી રેલી કાઢવામાં આવી. જેમાં ગોંડલ તાલુકા ના ICDS શાખાના સીડીપીઓ સોનલબેન વાળા, ગખઈ વિભાગીય કોર્ડીનેટર ગાંધીનગર અનુજ સર ગુપ્તા,પૂર્ણા કન્સલ્ટન્ટ માલતીબેન, સુપરવાઈઝર પીન્ટુબેન દવે તથા ગોંડલ-૧ ની આંગણવાડી બહેનો, બહોળી સંખ્યામાં કિશોરીઓ તથા શિક્ષકો રેલીમાં જોડાયા.

વિવિધ વિભાગો દ્વારા કિશોરીઓ માટે ચાલતી યોજના વિશે માર્ગદર્શન મળી રહે,તેમજ કિશોરીઓમાં સર્વાંગી વિકાસ થાય તે માટે આયોજન કરવામાં આવેલ.જેમાં ચાર્ટ પેપર,યોજનાકીય કાર્ડ સાથે રમતો દ્વારા કિશોરીઓના વજન ઉંચાઈ,BMI,HB,IFA ગોળી, સ્વચ્છતા,આહાર અને પોષણ વિશે માર્ગદર્શન આપ્યું.તેમજ ઇનામો આપી કિશોરીઓને પ્રોત્સાહન પણ આપ્યું.

આંગણવાડી વર્કરો દ્વારા પૂર્ણ શક્તિ માંથી બનતી વિવિધ વાનગીઓ વિશે સમજ આપી. વાનગીનું નિદર્શન દ્વારા આયોજન સમાપ્ત કરવામાં આવેલ.આવી પહેલોના માધ્યમ થી કિશોરીતેસ ) તંદુરસ્ત અને સશક્ત બનાવે છે.આ અભિગમ પોષણની જરૂરિયાતો સાથે આપણી કિશોરીઓ માટે તંદુરસ્તા અને ઉજ્જ્વળ ભવિષ્યનો પાયો પણ નાંખે છે.

# ચુનારાવાડમાં મકાનમાં છુપાવેલો વિદેશી દારૂનો જથ્થો પકડાયો




**મુખ્ય સમાચાર રાજકોટ**

સામા કાંઠે થોરાળા, ચુનારાવાડ, કુબલીયાપરા સહિતના પછાત વિસ્તારોમાં દેશીવિદેશી દારૂનું પુરજોશમાં વેંચાણ થતું હોવાથી પોલીસે પણ બુટલેગરો સામે લાલ આંખ કરી છે. ત્યારે થોરાળા પોલીસે ચુનારાવાડ શેરી.૩માં રહેણાંક મકાનમાં છુપાવેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઈ બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ થોરાળા પોલીસ મથકના એએસઆઈ એચ.એ.મઝાલા, હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ ખાંભરા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે ચોક્કસ બાતમીના આધારે ચુનારાવાડ શેરી.૩માં રહેતો કિશોર ડાયા રાઠોડ નામના બુટલેગરના ઘરે દરોડો પાડતા આ શખ્સ પોલીસને જોઈ નાસી ગયો હતો પોલીસે રહેણાંક મકાનની તલાસી લેતા વિદેશી દરૂના અલગ-અલગ બ્રાંડના ચપલા મળી આવતા પોલીસે ૨૬૮૦૦નો મુામાલ કબજે કરી નાસી ગયેલા બુટલેગર કિશોર ડાયા રાઠોડની શોધખોળ શરૂ કરી છે.

# નવી કોર્ટ ભવનમાં વકીલો વચ્ચે બબાલઃ ખુરશી રાખવા મુદ્દે માથાકૂટ થતા પોલીસ બોલાવી પડી

## ટેબલ સ્પેશ મામલે વકીલો દ્વારા ઉપવાસ ધરણા કરવાની ચિમકી ઉચારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર ઘંટેશ્વર ખાતે નવા બનેલા કોર્ટ બિલ્ડિંગ ખાતે વકીલોના પોતાના ટેબલો મુકવાના મુદ્દે ગઇકાલે બપોરથી શરૂ થયેલી માથાકૂટ મોડીરાત સુધી ચાલી હતી અને કોર્ટ બંધ કરવા ન દેતા અંતે પોલીસ બોલાવવી પડી હતી. આ ઘટનાની જાણ થતા જોઇન્ટ ડિસ્ટ્રિક્ટ જજ દોડી આવ્યા હતા.

તેઓ મહામહેનતે વકીલોને સમજાવીને બહાર કાઢ્યા બાદ મંગળવારે બપોરે ફરી વકીલો વચ્ચે ટેબલો મુકવાના મુદ્દે ચકમક ઝરી હતી. અંતે આ વિવાદને નિવારવા ડિસ્ટ્રિક્ટ જજની સૂચનાથી બુધવારે સવારે ૧૧ વાગ્યે જનરલ બોર્ડની બેઠક બોલાવવાનો અને તેમાં કમિટીની રચના કરી ટેબલો ગોઠવવાની વ્યવસ્થા નક્કી કરવા નિર્ણય કરાયો છે.

રાજકોટના નવા કોર્ટ બિલ્ડિંગના ઉદઘાટન પૂર્વે જ ટેબલો મુકવાના મુદ્દે વકીલોના બેથી ત્રણ જૂથો વચ્ચે વિવાદના



મંડાણ થયા હતા અને સીજેઆઇની રાજકોટ મુલાકાત પૂર્વે જ જૂની કોર્ટમાં બે વકીલ વચ્ચે તો સરાજાહેર હાથાપાઇ સુધી મામલો પહોંચી ગયો હતો. આથી નવા કોર્ટ બિલ્ડિંગના લોકાર્પણ બાદ સોમવારે ડિસ્ટ્રિક્ટ જજના માર્ગદર્શન હેઠળ ચાર જજ અને પાંચ વકીલની એક કમિટી બનાવવામાં આવી હતી અને તે ટેબલો કેવી રીતે ગોઠવવા તેની વ્યવસ્થા નક્કી કરવાના હતા. જેના માટે જૂના કોર્ટ બિલ્ડિંગમાં રાખેલા ટેબલોની વીડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી.

પરંતુ સોમવારે બપોરે નવા કોર્ટ બિલ્ડિંગમાં પસંદગીની જગ્યાએ પોતાના ટેબલો મુકવાના મુદ્દે વકીલોના બે જૂથ આમને સામને આવી ગયા હતા અને વાત એકબીજાના કાઠલા પકડવા સુધી પહોંચી ગઇ હતી. ત્યારે ભાજપ લીગલ સેલના સંયોજક પીયૂષ શાહે મધ્યસ્થી કરતા મહામહેનતે મામલો થાળે પડ્યો હતો. હજુ આ માથાકૂટના પડઘા શમ્યા ન હતા ત્યાં સાંજે ફરી જુનિયર વકીલો વચ્ચે ટેબલો મુકવાના મુદ્દે બઘડાટી બોલી ગઇ હતી અને એક સરકારી વકીલના જુનિયર તથા અન્ય વકીલ વચ્ચે હાથાપાઇ સુધી મામલો પહોંચી ગયો હતો.

આ સમયે પણ સિનિયર વકીલોએ મધ્યસ્થી કરી મામલો થાળે પાડ્યો હતો. જોકે નવા કોર્ટ બિલ્ડિંગમાંથી મોડીરાત સુધી વકીલો બહાર ન નીકળતા હોય સ્ટાફે ડિસ્ટ્રિક્ટ જજને વકીલો કોર્ટ બંધ કરવા દેતા ન હોવાની રજૂઆત કરી હતી. જેના પગલે ડિસ્ટ્રિક્ટ જજ આર.ટી.વાછાણી કોર્ટ બિલ્ડિંગે આવી રહ્યા હતા, પરંતુ ડી.જે.ને અટકાવી જોઇન્ટ ડિસ્ટ્રિક્ટ જજ જાદવ અને શર્મા કોર્ટ સંકુલ ખાતે દોડી આવ્યા હતા અને વકીલોને સમજાવટ કરી મામલો થાળે પાડી કોર્ટની બહાર કાઢ્યા હતા. આ સમયે વિવાદ વકરે નહીં તે માટે ડીસીપીને પણ બોલાવવામાં આવ્યા હતા.

સોમવારે રાત્રે મામલો થાળે પડ્યા બાદ મંગળવારે બપોરે ફરી માથાકૂટ થઇ હતી. આ ઘટના બાદ ડિસ્ટ્રિક્ટ જજ આર.ટી.વાછાણીએ તાકીદે રાજકોટ બાર એસોસિએશનનું અર્જન્ટ જનરલ બોર્ડ બોલાવી કમિટી રચી ટેબલો ગોઠવવાની વ્યવસ્થા કરવા સૂચના આપી હતી.

રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ બકુલ રાજાણીએ જણાવ્યું હતું કે, બુધવારે સવારે ૧૧ વાગ્યે નવા કોર્ટ બિલ્ડિંગના પાછળના એરિયામાં અર્જન્ટ જનરલ બોર્ડ બોલાવવામાં આવ્યું છે અને તેમાં ચૂંટાયેલા હોદ્દેદારો અને સિનિયર-જુનિયર વકીલોમાંથી જેનું નામ સૂચવવામાં આવશે તેમનો કમિટીમાં સમાવેશ કરાશે અને કમિટી જે નક્કી કરશે તે મુજબ ટેબલો ગોઠવવામાં આવશે.

રાજકોટ બાર એસોસિએશનના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો વિરુદ્ધ બુધવારથી પ્રતીક ઉપવાસ તથા ધરણાં ઉપર બેસવાની જાહેરાત એડવોકેટ શ્યામલ સોનપાલે કરી છે. એડવોકેટ દિલીપ પટેલે જણાવ્યા અનુસાર શ્યામલ સોનપાલ દ્વારા છેલ્લા ૪ વર્ષથી દરેક ચૂંટાયેલા હોદ્દેદારો અને કારોબારી સભ્યો એ ૧૦૦૦-૧૫૦૦-૨૦૦૦ વકીલોના ટેબલ સમાઈ જશે એવી બાંહેધરી આપ્યે રાખી હતી.

એ તમામ નવા વકીલ મિત્રો માટે આરબીએ ટેબલ સ્પેસની વ્યવસ્થા નહિ કરે ત્યાં સુધી હું નવા કોર્ટ બિલ્ડિંગમાં મારું ટેબલ છે તે કાલે સવારે પરત ખેંચીશ અને કાલે સવારે ૧૦થી સાંજે ૬.૧૦ સુધી પ્રતીક ઉપવાસ તથા ધરણાં ઉપર ઉતરીશ અને જો ગુરુવાર સાંજ સુધીમાં આ વ્યવસ્થા કરવામાં નહિ આવે તો અચોક્કસ મુદત સુધીના ધરણાં ઉપર બેસીશ.

# દૈનિક વ્યાજના સો રૂપિયા માટે યુવાનની હત્યા કરનાર પિતા-પુત્રની ધરપકડ

## સામા પક્ષે હુમલાખોર શખ્સને ઈજા થતા પોલીસ જાપ્તા હેઠળ સારવારમાં રખાયો







**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીગ્રામ ગાંધીનગર- ૭માં રહેતાં અને ઈમિટેશનનું કામ કરતાં સુરજ તેજસભાઈ ઠાકર (ઉ.વ.૨૩) નામના યુવાનની તેના ઘર નજીક જ વ્યાજના માત્ર રૂ. ૧૦૦ની ઉઘરાણી મામલે તેના માતા અને ભાઈની નજર સામે જ પિતાના મિત્ર પાનના ધંધાર્થી અને તેના પુત્રોએ હુમલો કરી હત્યા કરી હતી. આ મામલે ગાંધીગ્રામ પોલિસે ગુનો નોંધી હત્યારા પિતા-પુત્ર કમલેશગીરી અરવિંદગીરી ગોસાઈ અને જયદેવ ગોસાઈની ધરપકડ કરી હતી તેમજ આ ઘટનામાં વળતાં હુમલામાં ઘાયલ કમલેશનો બીજો પુત્ર જીગર કમલેશગીરી ગોસાઈ સારવાર હેઠળ હોય જેના ઉપર પોલીસ જાપ્તો ગોઠવી દેવામાં આવ્યો હતો. હુમલામાં મૃતકની માતા સુનિતાબેન (ઉ.વ.૪૩)પણ ઘાયલ થયા હોય જેમાં પોલીસે હત્યાની કોસીશની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.


મૃતક સુરજ ઠાકરના પિતા તેજસભાઈ ઠાકરે પોતાના ગાંધીગ્રામના લાખના બંગલા પાસે ખોડિયાર પાન નામની દુકાન ચલાવતા તેના મિત્ર કમલેશગીરી પાસેથી ૨૦ હજાર પોતાના માટે વ્યાજે લીધા હતાં. જેનું દરરોજ રૂા. ૨૦૦ વ્યાજ ચુકવતાં હતાં. તેમજ પોતાના બનેવી મેહુલભાઈ પુજારા માટે દસેક દિવસ પહેલા ૧૦ હજાર વ્યાજે લીધા હતાં. જેનું રોજનું રૂા. ૧૦૦ વ્યાજ ચુકવતાં હતાં. તેજસભાઈ તેના બનેવીએ લીધેલા ૧૦ હજાર પાછા આપવા કમલેશગીરીની દુકાને ગયા ત્યારે કમલેશગીરીએ આજનું રૂા. ૧૦૦ વ્યાજ પણ દેવુ જ પડશે કહી તેજસભાઈને લાફા મારી દીધા હતાં. આ ઝગડાથી જાણ તેજશભાઈના પરિવારને થતાં પત્ની સુનિતાબેન તેમજ મોટો પુત્ર સુરજ અને નાનો પુત્ર મિહિર ખોડિયાર પાન ખાતે દોડી ગયા હતા.

પિતાએ લીધેલા ૨૦ હજાર પણ પાછ આપવા માટે ગયા હતાં. ત્યારે ખોડિયાર પાન ખાતે કમલેશનો પુત્ર જીગર ગોસાઈ બેઠો હતો. સુનિતાબેને જીગરને બોલાવી કહેલું કે તારા પિતા કમલેશગીરીને બોલાવ, અમારે તેને પૈસા પાછા આપી દેવા છે. આથી જીગરે ફોન કરી તેના પિતા સાથે વાત કરી હતી. થોડીવાર બાદ કમલેશગીરી અને તેનો મોટો દિકરો જયદેવ બંને આવ્યા હતાં. સુનિતાબેને પતિ તેજશભાઈને ઝાપટ શું કામ મારી તેમ કહેતા કમલેશભાઈ અને તેના બંને પુત્ર જીગર તથા જયદેવ સાથે ઝગડો થયો અને ઉશ્કેરાઈ જીગરે નેફામાંથી છરી કાઢી સુરજ પર હુમલો કર્યો હતો છોડાવવા વચ્ચે પડતાં સુનિતાબેનને પણ માર માર્યો હતો બંને પક્ષો વચ્ચે છુટ્ટા હાથે થયેલી મારામારીમાં ગંભીર રીતે ઘાયલ સૂરજનું સારવારમાં મોત થતાં બનાવ હત્યામાં પલટાયો હતો. ગાંધીગ્રામ પોલીસ મથકના પી. આઈ એમ. જી. વસાવા સહિતના સ્ટાફે પિતા અને બે પુત્રોની ધરપકડ કરી હતી.

# ડમ્પર ચાલકે બાઈકને ઠોકરે ચડાવતા એરપોર્ટના પ્રોજેકટ મેનેજર અને એન્જીનીયરના મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર હિરાસર એરપોર્ટના ગેઈટ પાસે બેકાબુ ડમ્પરે બાઈકને ઠોકરે લેતા એરપોર્ટના આઉટ સોર્સીંગના બે કર્મચારીઓના મોત નિપજતા એરપોર્ટ પોલીસે તપાસ કરતા બન્ને કર્મચારીઓ નાઈટમાં નોકરી પર આવતા હતા ને અકસ્માત સર્જાયો હોવાનુ બહાર આવતા પોલીસે અકસ્માત બાદ ડમ્પર મુકી નાસી જનાર ચાલક સામે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.




આ અંગેની માહિતી મુજબ હિરાસર એરપોર્ટના ગઈટ નજીક ડમ્પરે બાઈકને ઠોકરે લેતા રાજકોટમાં રહેતા રાકેશ કુમાર સીંગ (ઉ.૫૧) અને હિરેનકુમાર કાંતિલાલ નિરંજની (ઉ.૩૬)ને ગંભીર ઈજા થતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયા હતા જેનુ સારવાર મળે તે પહેલા જ મોત નિપજતા હતા બનાવને પગલે એરપોર્ટ પોલીસ મથકના જમાદાર કિશોરભાઈ વાળા સહીતના સ્ટાફે તપાસ કરતા મૃતક રાકેશભાઈ એરપોર્ટમાં પ્રોજેકટ મેનેજર હોવાનુ અને હિરેન કુમાર સીસીટીવી એન્જીનીયર હોવાનુ તેમજ મંગળવારે નાઈટમાં નોકરી હોય નોકરી પર આવતા હતા ને આ બનાવ બન્યો હોવાનુ બહાર આવતા પોલીસે અકસ્માત બાદ ડમ્પર મુકી નાસી જનાર અજાણ્યા ચાલક સામે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરીવાની કાર્યવાહી કરી હતી.

# જીવલેણ પ્રતિબંધીત ચાઈનીસ દોરીનું વેચાણ કરતા બે વેપારી પોલીસની ઝપટે ચડયા

## ગોંડલથી ચાઈનીઝ દોરી લાવી રાજકોટમાં વેચતા હતાઃ ૫૧ ફીરકી કબ્જે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પતંગ-દોરાની ધૂમ ખરીદી થઈ રહી છે. જો કે અમુક નફાખોર તત્ત્વો લોકોના જીવની પરવા કર્યા વગર નજીવા નફાની લાલચે અત્યંત ઘાતક ચાઈનીઝ દોરી વેચવાનું બંધ કરી રહ્યા ન હોય પોલીસે તેમના ઉપર તવાઈ ઉતારવાનું શરૂ કર્યું છે. આવું જ ચાઈનીઝ દોરીનું વેચાણ સદર બજારમાં થઈ રહ્યું હોવાની બાતમી મળતાં ઝોન-૨ એલસીબીએ તાત્કાલિક દરોડો પાડી ૫૧ ફિરકી સાથે બે શખ્સોની ધરપકડ કરી હતી. ઝોન-૨ એલસીબી પીએસઆઈ આર.એચ.ઝાલા, હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ ઝાલા, ધર્મરાજસિંહ ઝાલા સહિતના સ્ટાફે સદર બજારમાં રાધાકૃષ્ણ રોડ, તાલુકા શાળા નં.૮ સામે આવેલી શુકુન બોયઝ




હોસ્ટેલમાં દરોડો પાડીને ત્યાંથી ચાઈનીઝ દોરીની ૫૧ ફિરકી સાથે આમીર ઈકરામભાઈ મોતીવાલા (રહે.જામનગર) અને ઈરફાન હારૂનભાઈ ગોદર (રહે.જામનગર)ની ધરપકડ કરી હતી. બન્નેની પૂછપરછ કરવામાં આવતાં કબૂલાત આપી હતી કે થોડા સમય પહેલાં ગોંડલના ખોડિયાર સીઝન સ્ટોરમાંથી આ લોકો ૩૦૦ રૂપિયા પ્રતિ ફિરકીના ભાવે ૫૧ ફિરકી લાવ્યા હતા. રાજકોટમાં આ ફિરકી ૪૦૦ રૂપિયામાં વેચવાની હતી પરંતુ તેનું વેચાણ થાય તે પહેલાં જ પોલીસે બન્નેને પકડી પાડ્યા હતા. આ બન્ને સદર બજારમાં રેંકડીમાં ચાઈનીઝ દોરીનું વેચાણ કરવાના હોવાની કબૂલાત પણ આપી હતી.

રાજકોટમાંથી ચાઈનીઝ દોરીનો જથ્થો પકડાતાં તે ગોંડલથી આવી હોવાનું ખુલતાં જ પીએસઆઈ આર.એચ.ઝાલાએ તાત્કાલિક એ-ડિવિઝન પોલીસમાં ગુનો નોંધાવી ગોંડલ પોલીસને પત્ર લખી જાણ કરી હતી કે ખોડિયાર સીઝન સ્ટોરમાં ચાઈનીઝ દોરીનો જથ્થો પડેલો છે. આ જાણ થતાં જ ગોંડલ પોલીસે ત્યાં દરોડો પાડીને વધુ ૬૦ ફિરકી કબજે કરી વેપારી સામે ગુનો નોંધ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

# હરિયાણાથી દારૂ ભરેલો ટ્રક રાજકોટ પહોંચે તે પહેલાં જ વડોદરા પોલીસે ઝડપી લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લુધિયાણાથી રાજકોટ આવતો રૂ.૩૧ લાખની કિંમતનો વિદેશી દારૂ વડોદરા એલસીબીએ એકસપ્રેસ હાઈવે ઉપરથી પકડી પડયો હતો.દારૂ ભરેલા ટ્રક સાથે પકડાયેલ હરિયાણાના શખ્સે પૂછપરછમાં રાજકોટના બુટલેગરે આ દારૂનો જથ્થો મંગાવ્યાનું કબૂલ્યું છે જેના આધારે પોલીસે રાજકોટના બુટલેગરની શોધખોળ શરૂ કરી હતી. અમદાવાદ-વડોદરા એક્ષપ્રેસ હાઈવે ઉપર એલસીબીની ટીમ વોચમાં હતી ત્યારે શંકાસ્પદ રીતે નીકળેલા ટ્રકને અટકાવી તલાશી લેતા તેમાંથી રૂપિયા ૩૧,૧૭,૬૦૦ની કિંમતની ૧૦,૦૨૦ બોટલ મળી આવી હતી. આઈસર સાથે ઝડપાયેલા



હરિયાણાના તોફીક રોજમદાર મેવની પૂછપરછ કરતાં તેણે પોલીસને જણાવ્યુ હતુ.કે પંજાબના લુધીયાણા પાસે આવેલા . ઢાબા ઉપર સાહીદ રમજાન મેવ નામના સપ્લાયરે આ વિદેશીદારૂ ભરીને આ જથ્થો રાજકોટ પહોંચાડવાનો હોવાનું જણાવ્યું હતું. તોફીક રાજકોટ પહોંચે ત્યારે તને કોલ કરવાનું જણાવ્યું હતું જેથી રાજકોટનો બુટલેગર જેણે દારૂ મંગવ્યો તે તોફીકના મોબાઈલ નંબર ઉપર વોટસએપ ઉપર લોકેશન મોકલવાનો હતો જ્યાં આ દારૂનો જથ્થો ઉતારવાનો હતો. ૩૧ લાખના દારૂની રાજકોટમાં ડીલીવરી થાય તે પહેલા જ વડોદરા પોલીસે આ ટ્રક પકડી લીધો હતો.

# ૨૦ લાખના સિંગદાણા ભરેલા ટ્રકની બાબરા પાસે લૂંટ

## ગણતરીની કલાકોમાં જ પોલીસે મહુવા પાસેથી લૂંટારૂઓને દબોચી લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટથી પીપાવાવ જતાં ૨૦ લાખના સિંગદાણા ભરેલા ટ્રકની બાબરા પાસે લૂંટ થયા બાદ ગણતરીના કલાકોમાં મહુવાના શખ્સને પકડી પાડી ૨૦ લાખના સીંગદાણા અને ટ્રક સહિતનો મુદ્દામાલ કબજે કરી પૂછપરછ શરૂ કરી છે. રાજુલાના ડુંગર ગામે રહેતા અને મહુવાના મોહમદભાઈ સફીભાઈનો ટ્રક ચલાવતા માણંદભાઈ પીઠાભાઈ રાજકોટના કુવાડવા ચોકડી પાસેથી ૨૦ લાખની કિંમતના સિંગદાણા ભરીને ટ્રક નંબર જી.જે.૧૦એક્સ. ૯૮૮૧ માં પીપાવાવ જવા નીકળ્યા બાદ બાબરાની માલધારી હોટલ પાસે ચા પીવા ઉભા રહ્યા હતા ત્યારે તેમની ટ્રકમાં મહુવાના તોહીદ ખાટકી અને એક અજાણ્યો શખ્સ મહુવા જવાનું કહી સાવરકુંડલા સુધી ટ્રૂકમાં બેસી ગયા હતા. ટ્રક બાબરાથી થોડે દુરભિલડી ગામ પાસે પહોંચ્યો ત્યારે તોહીદી સાથે બેઠેલા શખ્સે પોતાને ટ્રૂક ચલાવવા દેવાનું ટ્રક ચાલક માણંદભાઈ મારુએ ટ્રક ચલાવવા ન આપતા કહ્યું હતું મુદભ મ તેમના ઉપર હુમલો કર્યો હતો રને બચાવવા તાહિદ ખાટકી વચ્ચે પડતા તેને મારમારી ૨૦ લાખ ના સીંગદાણા ભરેલો ટ્રક લૂંટી ભાગી ગયો હતો. ઇજાગ્રસ્ત ટ્રક ચાલક માણંદભાઈ મારુને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા આ બાબતે ટ્રકના માલિક મોહમ્મદ સફભાઈને જાણ કરતા મોહમદભાઈએ પોતાના સંબંધીઓ સાથે કાર લઈ ટ્રકનો પીછે કર્યો હતો. ટ્રકની લૂંટ ચલાવી ભાગેલા શખ્સ સાવર કુંડલા પાસે પકડાઈ ગયો હતો જેને પોલીસ હવાલે કરવામાં આવ્યો હતો.પૂછપરછ કરતા તે મહુવાનો ફેજલ મેમણ હોવાનું જાણવા મળ્યું હતું.

# ખાંડા હડમતીયા ગામે જીનીંગ મીલમાં યુવાન પર બ્રેકર ફેરવી દઈ હત્યા કરવાની કોશિષ

**મુખ્ય સમાચાર રાજકોટ**

વિછિંયાના પાંજરાપોળ પાછળ રહેતો અને ડ્રાઈવીંગનો વ્યવસાય કરતો મુકેશ ઉર્ફે ભુંગણી ભરતભાઈ મેર (ઉ.વ.૨૭)નામના કોળી યુવાને જસદણ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં સામાવાળો ખાંડા હડમતીયા ગામ નો રમેશ ઝાપડીયા વિરુધ ફરિયાદ નોંધાવી છે કે અગાઉ તેની બહેનો સામે જોવા બાબતે આ શખ્સ સાથે ઝગડો થયો હોય જેનો ખાળ રાખી આ યુવાન પોતાનું આયસર વાહનમાં કપાસ ભરવા ખાંડા હડમતીયા ગામે સોમનાથ જીમમાં ગયો હતો ત્યારે આ રમેશ ઝાપડીયાએ જુની અદાવતનો ખાળ રાખી લોડર (બ્રેકર) વડે યુવાન પર ફેરવી દઈ ગંભીર ઈજા કરી તેની હત્યા કરવાની કોષીશ કરી બ્રેકર આયસર વાહનમાં ભટકાડી નુક્સાન કર્યું હોવાની ફરિયાદ નોંધાવતા જસદણ પોલીસના ઈન્ચાર્જ પીઆઈ આઈ.એમ.સરવૈયા ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સરધાર ગામે પ્રેમમાં નાસીપાસ થતા પરપ્રાંતીય યુવાનનો આપઘાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ ભાવનગર હાઈવે પર આવેલા સરધાર ગામે સ્વામીનારાયણ મંદિરની વાડીએ ખેતી કામ કરતો ગોવિંદ લલ્લુભાઈ તિવારી નામના યુવાને રાત્રીના સમયે ગળાફાંસો ખાઈ લેતા બેભાન હાલતમાં રાજકોટ સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ જોય તપાસી મૃતક જાહેર કર્યો હતો. બનાવ અંગેની જાણ આજીડેમ પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો હોસ્પિટલ ખાતે દોડી જઈ પ્રાથમિક તપાસ કરતા આ યુવાનનું વતન બિહાર હોય અને તેને વતનમાં કોઈ યુવતી સાથે પ્રેમ સંબંધ હોય જેના લગ્ન બીજે નક્કી થઈ જતા આ યુવાને પ્રેમમાં નાસી પાસ થઈ પગલુ ભરી લીધુ હતું.

# જેતપુરના નવાગઢમાં રૂા.૩૫ લાખની કિંમતનો પ્લોટ પચાવી લેતા ત્રણ શખ્સો સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવાગઢમાં જુણેજા બંધુએ ચપ્પલના વેપારીના ૩૫ લાખની કિંમતનો ૪૩૮ ચો. વાર પ્લોટ પર કબ્જો કરી મકાન ચણી લેતાં જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકમાં જુણેજા બંધુ સહિત ત્રણ શખ્સો સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે જેતપુર-નવાગઢ ખાટકી વાસમાં રહેતાં ઈમરાનભાઇ ગુલમામદભાઈ તરકવાડીયા (ઉ.વ.૩૪) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે જાનમમદ હુશેન જુણેજા, સુમાર હુશેન જુણેજા અને નૂરમહમદ ઉર્ફે નૂરા સુમાર જુણેજા (રહે.પ્રકાશ ડાઇંગ પાછળ, અનમોલ વે-બ્રીજ પાસે જેતપુર) નું નામ આપતાં જેતપુર ઉદ્યોનગર પોલીસે લેન્ડગ્રેબિંગની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ જેતપુર મતવા શેરીમાં શ્રીજી કોમ્પલેક્ષમાં ડેસ્ટીની લેડીવાર નામે બુટ ચપલનો વેપાર કરે છે. તેઓએ વર્ષ ૨૦૧૧ માં જેતપુર નવાગઢમાં અનમોલ વે-બ્રીજ પાછળ ખાતા નં.૩૩ સીટી સર્વે નં.૧૧૩૯ પૈકી ૨ માં ૪૩૮.૫૦ ચો.વા. જમીન (પ્લોટ) જેતપુરનાં અલીભાઇ કાસમભાઇ ખોરાણી પાસેથી કબ્જા સહિત ખરીદ કરેલ અને તા. ૦૧/૧૧/૨૦૧૧ ના રજીસ્ટર્ડ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર કચેરી જેતપુર ખાતે કરાવેલ હતો. બાદ તેમને જમીનમાં બાંધકામની કોઇ જરૂરત ન હોય જેથી આ પ્લોટ પડતર પડેલ હતો. બાદમાં વર્ષ ૨૦૨૧ માં જાણવા મળેલ કે, તેમની માલીકી વાળા પ્લોટમાં જાનમમદ હુશેન જુણેજા તેનો ભાઈ સુમારભાઈ જુણેજા અને નુરા જુણેજાએ મળી આ મારા પ્લોટ પર ગેરકાયદેસર રીતે કબ્જો કરેલ છે.

જેથી આ લોકોને અનેક વાર આ પ્લોટનો દસ્તાવેજ બતાવી આ પ્લોટ મારો છે અને કબ્જો ખાલી કરવા કહેલ તેમ છતાં પ્લોટ પર ગેર કાયદેસર રીતે બાંધકામ કરી પ્લોટ ઉપર મકાન બનાવી રહે છે. પ્લોટ ૫૦૦ વારનો છે અને અંદાજીત કિંમત રૂ.૩૫ લાખ જેવી થાય છે. જે બાદ તેઓએ રાજકોટ કલેકટરમાં અરજી કરતાં કલેકટરે હુકમ કરતાં ત્રણેય શખ્સો સામે લેન્ડ ગ્રેબીંગ કલમ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરવામાં આવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT